અનુસૂચિત જાતિઓ પરના અત્યાચારો સામે અપાતી નાણાંકીય સહાયના દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ હસલ/૧૦૨૦૧૨/૭૩૬૩૧/હ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- 30 JUN 2012

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૮-૧૧-૧૯૯૫નો ઠરાવ ક્રમાંકઃ હસલ/૧૦૯૪/આઇ.૨૪/હસેલ
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હીની તા. ૨૩-૧૨-૨૦૧૧ની અધિસૂચના
(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. 30-0૧-૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃઅજાક-છ.૧-૨૦૧૨/૬૬૫ થી ૬૬
(૪) સરખા ક્રમાંકનો તા. ૨૦-૦૪-૨૦૧૨ નો ઠરાવ.
(૫) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની કચેરીનો તા.૮-૦૫-૧૨ નો પત્ર

આમુખઃ

અનુસૂચિત જાતિઓ/જનજાતિઓ સિવાયના ઇસમો ધ્વારા થતા અત્યાચારના કિસ્સામાં જુદા જુદા પ્રકારના અત્યાચારો સામે વંચાણે લીધેલ ક્રમાંકઃ ૧ ના ઠરાવથી જુદા જુદા દરે નાણાકીય સહાય આપવામાં આવે છે.

ઠરાવઃ-

તાજેતરમાં ભારત સરકારે અનુસૂચિત જાતિ/અનુસુચિત જનજાતિઓ પરના અત્યાચારો અટકાવવાનો અધિનિયમ-૧૯૮૯(૧૯૮૯નો 33મો) ની કલમ-૨૩ પેટા કલમ-૧ ની સત્તા અન્વયે ભારત સરકારે તા. ૨૩-૧૨-૨૦૧૧ની અધીસૂચનાથી અત્યાચારો સામે અપાતી નાણાકીય સહાય દરોમાં વધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંકઃ૨,૩ અને ૫ ધ્યાને લઇ સક્રિય વિચારણાના અંતે રાજય સરકાર નીચે દર્શાવેલ શરતોને આધિન રહીને નીચે દર્શાવ્યા મુજબ વિગતવાર સહાયના નવા દરો જોડાણ-૧ મુજબ અમલમાં મુકવાનું ઠરાવે છે. તથા આ માટે સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં રૂા. ૨૦૮.૨૦ લાખ મંજુર કરવાનું ઠરાવે છે.

શરતોઃ-

(૧) આ ખર્ચ તા. ૧-૦૪-૨૦૧૨ થી કરવાનો રહેશે. કોઇપણ સંજોગોમાં પ્રશ્ચાદવર્તી અમલ કરવાનો રહેશે નહિ.
(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધિન ખર્ચ કરવાનો રહેશે.

(પાછળ)

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૫) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૮-૧૧-૧૯૯૫ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી નંબર-૯૫ મુખ્ય સદર ૨૨૨૫ , અનુસૂચિત જાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ૮૦૦ અન્ય ખર્ચ સબ હેડ (૩) બીસીકે-૬૦ નાણાકીય સહાય નાગરિક સેલ ખાતે ઉધારવું અને જે તે વર્ષે મંજૂર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨-૦૪-૨૦૧૨ની નોંધથી મળેલ સંમિતથી બહાર પાડવામાં આવે છે.

**ગુજરાત રાજયના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,**

વિધુત પંડયા
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

(૧) માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) માનનીય મુખ્યમંત્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર
(૪) માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
(૫) સર્વે રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર
(૬) સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ,
(૭) પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, અસારવા, અમદાવાદ
(૮) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર યોગ્ય કાર્યવાહી અર્થે.
(૯) સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
(૧૦) તકેદારી અધિકારીશ્રી, રાજકોટ/વડોદરા/અમદાવાદ
(૧૧) સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ( પંચાયત )

(૧૨) ધી એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ

(૧૩) ધી એકાઉન્ટન્ટ જનરલ-(એ.એન્ડી.ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ

(૧૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૫) નિવાસી હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૬) સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,

(૧૭) નાણાં સલાહકારશ્રી(સા.ન્યાય અને અધિ.વિ) નાણાં વિભાગ

(૧૮) સિલેકટ ફાઇલ/ અંગત ફાઇલ.

**જોડાણ-૧**

**અનુસૂચિ**

**(જુઓ નિયમ-૧૨(૪))**

**રાહતની રકમ માટેના ધોરણો**

| ક્રમ<br>૧ | ગુનાનું નામ.<br>૨ | રાહતની ન્યુનતમ રકમ.<br>૩ |
|---|---|---|
| ૧. | અખાદ્ય અથવા હાનિકારક પદાર્થ-પીણું ખાવાપીવા બાબત. (કલમ-૩(૧)(૧) | અત્યાચારનો ભોગ બનેલી પ્રત્યેક વ્યકિતને, ગુનાના પ્રકાર અને ગંભીરતાના આધારે તેમજ તેણે સહન કરેલ અનાદર, અપમાન, ઇજા અને બદનક્ષીના પ્રમાણમાં રૂ.૬૦,૦૦૦/- કે તેથી વધુ ચુકવણી નીચે પ્રમાણે કરવી.<br>( ૧ ) અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે ૨૫ ટકા<br>( ૨ ) નીચલી અદાલત દ્વારા આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૭૫ ટકા. |
| ૨. | ઇજા, અપમાન, અથવા પજવણી થવા બાબત. (કલમ-૩(૧)(૨)) | |
| ૩. | માનહાનિ કરનારૂ કૃત્ય (કલમ-૩(૧)(૩)) | |
| ૪. | ગેરકાયદે જમીનનો ભોગવટો અથવા ખેતી, વગેરે (કલમ-૩ (૧)(૪)) | ગુનાના પ્રકાર અને ગંભીરતાના આધારે ઓછામાં ઓછું રૂ. ૬૦,૦૦૦/- કે તેથી વધુ જમીન/જગ્યા/પાણી પુરવઠો, જરૂરી હોય ત્યાં સરકારી ખર્ચ પૂર્વવત કરવાનો રહેશે. અદાલતમાં તહોમતનામુ રજૂ કરવામાં આવે ત્યારે સંપૂર્ણ ચુકવણી કરવાની રહેશે. |
| ૫ | જમીન, જગ્યા અને પાણી સંબંધી (કલમ-૩(૧)(૫)) | |
| ૬. | વેઠ, બળજબરી પૂર્વકની કે બંધનયુકત મજુરી (કલમ-૩(૧)(૬) | ભોગ બનેલ પ્રત્યેક વ્યકિતને ઓછામાં ઓછું રૂ.૬૦,૦૦૦/- પ્રથમ માહિતી અહેવાલના તબકકે ૨૫ ટકા અને નીચલી અદાલતમાં ગુનો સાબિત થતાં ૭૫ ટકાની રકમની ચુકવણી. |
| ૭. | મતાધિકાર સંબંધી (કલમ-૩(૧)(૭)) | ગુનાના પ્રકાર અને તેની ગંભીરતાના આધારે ભોગ બનેલ પ્રત્યેક વ્યકિતને રૂ. ૫૦,૦૦૦/- સુધી. |
| ૮ | ખોટી દ્વેષપૂર્ણ અથવા પરેશાનીભરી કાનુની કાર્યવાહી (કલમ-૩(૧૮) | આરોપીનો મુકદમો પૂરો થયા બાદ રૂ.૬૦,૦૦૦/- અથવા કાનુની કાર્યવાહી માટે થયેલ ખરેખર ખર્ચ અને નૂકસાનની ભરપાઇ એ પૈકી જે ઓછું હોય તે. |
| ૯. | ખોટી અને ક્ષુલ્લક માહિતી. (કલમ-૩(૧)(૯)) | |

| ક્રમ | ગુનાનું નામ. | રાહતની ન્યુનતમ રકમ. |
|---|---|---|
| ૧૦ | અપમાન, ધાકધમકી અને માન ભંગ (કલમ-૩(૧)(૧૦)) | ગુનાના પ્રકારને આધારે, ભોગ બનેલી પ્રત્યેક વ્યકિતને રૂ.૬૦,૦૦૦/- સુધી અદાલતને તહોમતનામુ રજૂ કરવામાં આવે ત્યારે ૨૫ ટકા રકમ અને ગુનો સાબિત થતાં બાકીની રકમની ચુકવણી. |
| ૧૧ | સ્ત્રીનો શીલભંગ (કલમ-૩(૧)(૧૧)) | ગુનાનો ભોગ બનેલ દરેકને રૂ.૧,૨૦,૦૦૦/- ૫૦ ટકા રકમ તબીબી પરિક્ષણ થયા પછી અને બાકીની ૫૦ ટકા રકમ મુકદમો પૂરો થયે ચુકવવી. |
| ૧૨ | સ્ત્રીનું જાતીય શોષણ (કલમ-૩(૧)(૧૨)) | |
| ૧૩. | પાણી ગંદુ કરવું (કલમ-૩(૧)(૧૩) | રૂ. ૨,૫૦,૦૦૦/- સુધી અથવા પાણી ગંદુ કરવામાં આવ્યુ હોય તેવા સંજોગોમાં તે શુધ્ધ કરવા સહિત સામાન્ય સવલત પૂર્વવત કરવા માટેના પૂરેપૂરૂ ખર્ચ, જિલ્લા વહીવટતંત્ર તેને ઉચિત જણાય તે તબકકે ચુકવણી કરી શકશે. |
| ૧૪. | પરંપરાગત માર્ગાધિકારનો ઇનકાર (કલમ-૩(૧)(૧૪)) | રૂ. ૨,૫૦,૦૦૦/- સુધી અથવા માર્ગાધિકાર પાછો મેળવવા અંગેનું પૂરૂ ખર્ચ અને જો કોઇ નૂકસાન થયું હોય તો તે પેટે પૂરૂ વળતર, અદાલતમાં તહોમતનામુ રજૂ કરવામાં આવે ત્યારે ૫૦ ટકા રકમ અને નીચલી અદાલતમાં ગુનો સાબિત થતાં ૫૦ ટકા રકમની ચુકવણી. |
| ૧૫. | રહેઠાણો તારાજ કરવા. (કલમ-૩(૧)(૧૫)) | ભોગ બનેલ દરેક વ્યકિતને જગ્યાની ફેર-સોંપણી/તેને રહેવાના હકકનું પુનઃસ્થાપન અને રૂ.૬૦,૦૦૦/- નું વળતર અને મકાન તારાજ કરવામાં આવ્યુ હોય તો સરકારી ખર્ચે તેનું પુનઃબાંધકામ નીચલી અદાલતમાં તહોમતનામુ રજૂ કરવામાં આવે ત્યારે સંપૂર્ણ રકમ ચૂકવવાની રહેશે. |
| ૧૬. | ખોટા પુરાવા આપવા (કલમ-૩(૨)(૧) અને (૨)) | ઓછામાં ઓછા રૂ. ૨,૫૦,૦૦૦/- અથવા થયેલ નૂકશાન અથવા હાનિ માટે પૂરૂ વળતર. ૫૦ ટકા રકમ અદાલતમાં તહોમતનામુ રજૂ કરવામાં આવે ત્યારે અને ૫૦ ટકા રકમ, નીચલી અદાલતમાં ગુનો સાબિત થતાં ચૂકવવાની રહેશે. |

| ક્રમ | ગુનાનું નામ. | રાહતની ન્યુનતમ રકમ. |
|---|---|---|
| ૧૭ | ભારતીય દંડસહિતા હેઠળ ૧૦ વર્ષ કે તેથી વધુ મુદત માટેની કેદની સજા કરવા પાત્ર ગુનો કરવા (કલમ-૩(૨)(૫)) | ભોગ બનેલા દરેક વ્યકિતને અને અથવા તેના આશ્રિતોને, ગુનાના પ્રકાર અને ગંભીરતાના આધારે ઓછામાં ઓછું રૂ. ૧,૨૦,૦૦૦/- અનુસૂચિમાં ઓછું અન્યથા નિર્દિષ્ટરીતે જોગવાઇ કરવામાં આવી હોય તો રકમમાં ફેરફાર થશે. |
| ૧૮ | રાજય સેવાના કર્મચારી પક્ષે કિન્નાખોરી . (કલમ-૩(૨)(૭)) | થયેલ હાનિ અથવા નૂકસાન કે ઇજા અંગે પૂરૂ વળતર. ૫૦ ટકા રકમ અદાલતમાં તહોમતનામુ રજૂ કરવામાં આવે ત્યારે અને ૫૦ ટકા રકમ નીચલી અદાલતમાં ગુનો સાબિત થતાં ચૂકવવાની રહેશે. |
| ૧૯. | **અશકતતાની વ્યાખ્યાઓઃ-** અશકત વ્યકિત અધિનિયમ-૧૯૯૫ ના (અશકત વ્યકિત, હકકોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા (ભાગ-૨) માં જણાવ્યા પ્રમાણેની રહેશે અને તે અંગેની ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા. ૧/૬/૨૦૦૧ના જાહેરનામા ક્રમાંકઃ-૧૫૪ માં દર્શાવ્યા મુજબની માર્ગદર્શિકા પ્રમાણે વખતોવખત કરવામાં આવેલ સુધાર્યા મુજબની રહેશે. જાહેરનામાની નકલ જોડાણ-૨ માં આપવામાં આવેલ છે. | |
| | **(ક) ૧૦૦ ટકા અશકતતા** (૧) પરિવારના બિન-કમાઉ સભ્ય. | ગુનાનો ભોગ બનેલ દરેક વ્યકિતને ઓછામાં ઓછું રૂ. ૨,૫૦,૦૦૦/- ૫૦ ટકા રકમ પ્રથમ માહિતી અહેવાલ વખતે, ૨૫ ટકા રકમ તહોમતનામા વખતે અને ૨૫ ટકા રકમ નીચલી અદાલતમાં ગુનો સાબિત થતાં. |
| | (૨) પરિવારના કમાઉ સભ્ય. | ગુનાનો ભોગ બનેલા દરેક વ્યકિતને ઓછામાં ઓછું રૂ. ૫,૦૦,૦૦૦/- ૫૦ ટકા રકમ, પ્રથમ માહિતી/અહેવાલ/તબીબી પરિક્ષણના તબકકે, ૨૫ ટકા રકમ, અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે અને ૨૫ ટકા રકમ નીચલી અદાલતમાં ગુનો સાબિત થતાં ચુકવવાની રહેશે. |
| | (ખ) ૧૦૦ ટકા કરતાં ઓછી અશકતતા. | ઉપર ક(૧) અને (૨) માં ઠરાવેલ દરો, અનુરૂપ પ્રમાણમાં ઘટાડવાના રહેશે. જ્યારે ચુકવણીના તબકકા તે જ રહેશે. આમ છતાં, પરિવારના બિનકમાઉ સભ્ય માટે ઓછામાં ઓછા રૂ. ૪૦,૦૦૦/- અને કમાઉ સભ્ય માટે ઓછામાં ઓછા રૂ. ૮૦,૦૦૦/- ની રાહત રકમ રહેશે. |

| ક્રમ | ગુનાનું નામ. | રાહતની ન્યુનતમ રકમ. |
|---|---|---|
| ૨૦ | **ખુન/મૃત્યુ**<br>(ક) પરિવારના બિન-કમાઉ સભ્ય. | દરેક કેસમા ઓછામાં ઓછા રૂ.૨,૫૦,૦૦૦/- શબપરીક્ષા પછી ૭૫ ટકા રકમ અને નીચલી અદાલતમાં ગુનો સાબિતી થતાં ૨૫ ટકા રકમની ચુકવણી. |
| | (ખ) પરિવારના કમાઉ સભ્ય. | દરેક કેસમાં ઓછામાં ઓછા રૂ.૫,૦૦,૦૦૦/- શબપરીક્ષા પછી ૭૫ ટકા રકમ અને નીચલી અદાલતમાં ગુનો સાબિત થતાં ૨૫ ટકા રકમની ચુકવણી. |
| ૨૧. | ખુન, મૃત્યુ,કત્લેઆમ, બળાત્કાર, સામુહિક બળાત્કાર અને ગેંગ બળાત્કાર કાયમી અશક્તતા અને લુંટના ભોગ બનેલ વ્યકિત. | ઉપર્યુક્ત બાબતો અન્વયે ચૂકવેલ રાહત રકમ ઉપરાંત, અત્યાચારની તારીખથી ત્રણ મહિનામાં નીચે જણાવ્યા પ્રમાણે રાહત માટેની વ્યવસ્થા કરવી. ( ૧ ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની મૃત વ્યકિતની વિધવા અને/અથવા અન્ય આશ્રિતો દરેકને માસિક રૂ.૩,૦૦૦/- ના દરે પેન્શન અથવા મૃતકના પરિવારના એક સભ્યને રોજગાર અથવા જરૂર જણાય તો તાત્કાલિક ખરીદી કરીને પણ ખેતીની જમીન, મકાનની જોગવાઇ. ( ૨ ) ભોગ બનેલા વ્યકિતનાં બાળકોનાં શિક્ષણ અને નિર્વાહનું પુરૂં ખર્ચ, બાળકોને આશ્રમ શાળાઓ/નિવાસી શાળાઓમાં દાખલ કરી શકાય. ( ૩ ) ત્રણ મહિનાના સમયગાળા માટે વાસણો, ચોખા, ઘઉં, દાળ, કઠોળ વગેરેની જોગવાઇ. |
| ૨૨. | સંપૂર્ણપણે તોડી પાડેલા /બાળી નાખેલા ઘર. | ઘરો, બાળી નાંખવામાં કે તોડી પાડવામાં આવ્યા હોય તો સરકારના ખર્ચે ઇંટ/પથ્થરના ચણતરવાળા ઘરો બાંધવા કે પૂરા પાડવા. |

MINISTRY OF SOCIAL JUSTICE AND EMPOWERMENT

NOTIFICATION

New Delhi, the 23rd December, 2011

G.S.R. 896(E).— In exercise of the powers conferred by sub-section (1) of Section 23 of the Scheduled Castes and the Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989 (33 of 1989), the Central Government hereby makes the following rules to amend the Scheduled Castes and the Scheduled Tribes (Prevention of Atrocities) Rules, 1995, namely:-

1. *(1)* These rules may be called the Scheduled Castes and the Scheduled Tribes (Prevention of Atrocities)(Amendment) Rules, 2011

*(2)* They shall come into force on the date of their publication in the Official Gazette.

2. In the Scheduled Castes and the Scheduled Tribes (Prevention of Atrocities) Rules, 1995 (hereinafter referred to as the principal rules), in clause (iv) of sub-rule (1) of rule 16, for the words and figure "Director/Deputy Director, National Commission for the Scheduled Castes and the Scheduled Tribes", the words, "representatives of the National Commission for Scheduled Castes and the National Commission for Scheduled Tribes" shall be substituted.

3. In the principal rules, for the schedule and Annexure-I, the following shall be substituted, namely:-

"SCHEDULE 43

ANNEXURE-I

(see rule 12(4))

NORMS FOR RELEIF AMOUNT

| Sl. No. | Name of the Offence | Minimum amount of Relief |
|---|---|---|
| (1) | (2) | (3) |
| 1 | Drink or eat inedible or obnoxious substance [Section 3 (1) (i)] | Rs. 60,000/- or more depending upon the nature and gravity of the offence to each victim and also commensurate with the indignity, insult, injury and defamation suffered by the victim.<br>Payment to be made as follows:<br>I. 25% when the charge sheet is sent to the Court<br>II. 75% when accused are convicted by the lower court. |
| 2 | Causing injury insult or annoyance [Section 3(1)(ii)] | |
| 3 | Derogatory act [Sec. 3(1)(iii)] | |
| 4 | Wrongful occupation or cultivation of land, etc. [Section 3(1)(iv)] | At least Rs.60,000/- or more depending upon the nature and gravity of the offence. The land/premises/water supply shall be restored where necessary at Government cost, Full payment to be made when charge-sheet is sent to the court. |
| 5 | Relating to land, premises and water [Section 3(1)(v)] | |
| 6 | Begar or forced or bonded labour [Section 3(1) (vi)] | Atleast Rs.60,000/- to each victim, payment of 25% at FIR stage and 75% on conviction in the lower court. |
| 7 | Relating to right to franchise {Section 3(1)(vii)} | Upto Rs.50,000/ - to each victim depending upon the nature and gravity of the offence. |
| 8 | False, malicious or vexatious legal proceedings [Section 3(1) (viii)] | Rs.60,000/- or reimbursement of actual legal expenses and damages or whichever is less after conclusion of the trial of the accused. |
| 9 | False and frivolous information [Section 3 (1)(ix)] | |
| 10 | Insult, intimidation and humiliation [Section 3 (1)(x)] | Upto Rs.60,000/- to each victim depending upon the nature of the offence. Payment of 25% when charge-sheet is sent to |

| | | |
|---|---|---|
| | | the court and rest on conviction. |
| 11 | Outraging the modesty of a woman [Section 3 (1)(xi)] | Rs.1,20,000/- to each victim of the offence .50% of the amount may be paid after medical examination and remaining 50% at the conclusion of the trial. |
| 12 | Sexual exploitation of a woman [Section 3(1)(xii)] | |
| 13 | Fouling of water [Section 3 (1) (xiii)] | Upto Rs. 2,50,000/- or full cost of restoration of normal facility, including cleaning when the water is fouled. Payment may be made at the stage as deemed fit by District Administration. |
| 14 | Denial of customary rights of passage[Section 3(1) (xiv)] | Upto Rs.2,50,000/- or full cost of restoration of right of passage and full compensation of the loss suffered, if any. Payment of 50% when charge sheet is sent to the court and 50% on conviction in lower-court. |
| 15 | Making one desert place of residence[Section 3(1) (xv)] | Restoration of the site/right to stay and compensation of Rs.60,000/- to each victim and reconstruction of the house at Govt. cost, if destroyed, To be paid in full when charge sheet is sent to the lower court. |
| 16 | Giving false evidence [Section 3(2)(i) and (ii)] | At least Rs.2,50,000/- or full – compensation of the loss or harm sustained. 50% to be paid when charge sheet is sent to Court and 50% on conviction by the lower court. |
| 17 | Committing offences under the Indian Penal Code punishable with imprisonment for a term of 10 years or more [Section 3 (2)] | Atleast Rs.1,20,000/- depending upon the nature and gravity of the offence to each victim and or his dependents. The amount would vary if specifically otherwise provided in the Schedule. |
| 18 | Victimization at the hands of a public servant [Section 3(2)(vii)] | Full compensation on account of damages or loss or harm sustained. 50% to be paid when charge-sheet is sent to the Court and 50% on conviction by lower court. |
| 19 | Disability. The definition of disability shall be as given in Section 2 of the Persons With Disabilities (Equal Opportunities, Protection of Rights and Full Participation) Act, 1995, and guidelines for their assessment shall be as contained in the Ministry of Social Justice & Empowerment, G.O.I. Notification No. 154, | |

| | | |
|---|---|---|
| | dated 01.6.2001, as amended from time to time. A copy of the Notification is at Annexure – II to the Schedule. | |
| | (a) 100% incapacitation | |
| | (i) Non- earning Member of a family | At least Rs.2,50,000/- to each victim of offence. 50% on FIR and 25% at charge sheet and 25% on conviction by the lower court. |
| | (ii) Earning Member of a family | At least Rs.5,00,000/- to each victim of offence, 50% to be paid on FIR/Medical examination stage, 25% when charge-sheet sent to court and 25% at conviction in lower court. |
| | (b) Where incapacitation is less than 100% | The rates as laid down in a(i) and (ii) above shall be reduced in the same proportion, the stages of payments also being the same. However, not less than Rs.40,000/- to non earning member and not less than Rs.80,000/- to an earning member of a family. |
| 20 | Murder /Death | |
| | (a) Non-earning Member of a family | At least Rs.2,50,000/- to each case. Payment of 75% after postmortem and 25% on conviction by the lower court. |
| | (b) Earning Member of a family | At least Rs. 5,00,000/- to each case. Payment of 75% after postmortem and 25% on conviction by the lower Court. |
| 21 | Victim of murder, death, massacre, rape mass rape and gang rape, permanent incapacitation and dacoity | In addition to relief amounts paid under above items, relief may be arranged within three months of date of atrocity as follows:-<br>(i) Pension to each widow and/or other dependents of deceased SC and ST @ Rs. 3,000/- per month, or Employment to one member of the family of the deceased, or provision of agricultural land, an house, if necessary by outright purchase.<br>(ii) Full cost of the education and maintenance of the children of the victims. Children may be admitted to Ashram Schools/ residential schools.<br>(iii) Provision of utensils, rice, wheat, dals, pulses, etc. for a period of three month |
| 22 | Complete destruction/burnt houses | Brick/stone masonary house to be constructed or provided at Government cost where it has been burnt or destroyed." |